ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૪૬ ટકા

# આજથી શહેરમાં દિવાળી પર્વનો પ્રારંભ

## રમા એકાદશીથી શહેરીજનોના આંગણે દિવડાં ટમટમી ઉઠશે : રોશનીના ઝગમગાટ સાથે ફટાકડાના અવાજો ગૂંજી ઉઠશે

ગાંધીનગર, તા.૨

લો,આ દિવાળી તો આવી પહોંચી. તા. ૩જી નવેમ્બર શનિવારથી રમા એકાદશી સાથે જ દિવાળી પર્વનો પ્રારંભ થશે અને સાંજ પડતા જ શહેરીજનોના ઘર આંગણે દિવડાં ટમટમી ઉઠશે.

આસો વદ અગિયારસ એ રમા એકાદશી તરીકે ઓળખાય છે અને આ દિવસથી દિવાળી પર્વનો પ્રારંભ થાય છે. દરેક શ્રધ્ધાળુઓ પોતાના ઘર આંગણે દિવાળીના દિવડાં પ્રગટાવવાનો પ્રારંભ રમા એકાદશીના દિવસથી કરે છે અને શનિવારે રમા એકાદશી છે ત્યાર બાદ રવિવારે બાઘબારશ, સોમવારે ધનતેરસ, મંગળવારે કાળીચૌદશ, બુધવારે દિવાળી, ગુરુવારે બેસતુવર્ષ અને શુક્રવારે ભાઈબીજનો તહેવાર ઉજવાશે. સળંગ સાત દિવસના ઉત્સવ સાથે દિપાવલી પર્વ ઉજવાય છે જેમાં દરેક દિવસ આગવી ખાસિયત ધરાવે છે. દિવાળીના દિવસો દરમિયાન ધનતેરશે લક્ષ્મીપૂજન, કાળીચૌદશે હનુમાનજી સ્મરણ-દર્શન, દિવાળીના દિવસે શારદાપૂજન યોજાય છે. બેસતા વર્ષના દિવસે સૌ કોઈ એકબીજાને નૂતનવર્ષના અભિનંદન પાઠવે છે અને ભાઈબીજના દિવસે ભાઈ બહેનના પ્રેમનો તહેવાર ઉજવાય છે. ધનતેરશે સોના-ચાંદી-સહિત વાહનો વગેરેની ખરીદી માટે શુભ મૂહૂર્ત ગણાય છે. જયારે દિવાળીના દિવસે ચોપડા-પૂજન સાથે ધંધા-રોજગારનું વાર્ષિક સરવૈયું કાઢવામાં આવે છે. તમામ પર્વના દિવસો દરમિયાન રોશનીનો ઝગમગાટ જોવા મળશે અને ચોતરફ ફટાકડાં આતશબાજી વગેરેના ધૂમધડાકા સાથે આનંદ-ઉલ્લાસ મનાવાશે. નાગરિકો નવા કપડાં પહેરી સજ્જ થશે અને મિઠાઈ-મિષ્ટાન આરોગશે તેમજ નૂતન વર્ષના વધામણાં કરશે.

દિવાળી પર્વ આમ તો કહેવાય સાત દિવસનું પણ ખરી દિવાળી તો તે પછીના દિવસોમાં જ ઉજવાતી હોય છે જયારે તમામ નાગરિકો પોતાના મિત્રો, સ્નેહીજનો, સગા સંબંધીઓ વગેરે એકબીજાના ઘરે જઈ શુભેચ્છાઓની આપ-લે કરવા સાથે પરિવાર સહિત હળી મળીને મિઠાઈ-મિષ્ટાન આરોગશે. આ દરમિયાન વડિલો, માતા-પિતા, ગુરુ વગેરેના આશીર્વાદ પણ પ્રાપ્ત કરશે. ગાંધીનગરમાં શનિવારથી દિવાળી પર્વની ઉજવણીનો ધમધમાટ શરુ થઈ જશે.




## સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ, પીડીપીયુ દ્વારા 'કલ્ચરલ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ ઈમરસન પ્રોગ્રામ' અંતર્ગત દસ દિવસીય ચાઈના ટૂરનું આયોજન

ગાંધીનગર, તા. ૨

સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ, પીડીપીયુ દ્વારા 'કલ્ચરલ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ ઈમરસન પ્રોગ્રામ' અંતર્ગત દસ દિવસીય ચાઈના ટૂરનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૬૨ સ્ટુડન્ટ્સ સાથે ત્રણ ફેકલટી મેમ્બર્સ; ડો. ડી શ્રીરામ, ડો. તેજસ દવે અને ડો. નીતા સિંહા આ પ્રોગ્રામમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ પ્રોગ્રામનો હેતુ ચીનના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનો અભ્યાસ કરવાનો હતો.




શૈક્ષણિક પ્રોગ્રામના ભાગરૂપે સ્ટુડન્ટ્સ દ્વારા બેજિંગ અને સાંઘાઈના વિવિધ ઔદ્યોગિક અને ઐતિહાસિક સ્થળો જેમ કે બેઈજિંગ યુનિવર્સિટી, શાંઘાઈ વોલ્કસ્વેગન ઉત્પાદન કેન્દ્ર, યાન્કિંસગ બેવરેજ ફેક્ટરી, મેઈજી ચોકોલેટ ફેક્ટરી અને કેટલાક મલ્ટીસેક્ટરલ ડેવલપમેન્ટ બેંકોની મુલાકાત લેવામાં આવી હતી. તદુપરાંત વિદ્યાર્થીઓએ માર્કેટિંગ નીતિઓ અને કાર્યવાહી, આંતરરાષ્ટ્રીય બજારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિકરણ, સાંસ્કૃતિક, સામાજિક અને કાર્ય પર્યાવરણનો અનુભવ મેળવ્યો હતો.

વિદ્યાર્થીઓએ બેઈજિંગથી શાંઘાઈ સુધીની બુલેટ ટ્રેનનો પણ અનુભવ કર્યો અને વિશ્વની સૌથી ઝડપી ટ્રેન મેગ્લેવ ટ્રેનમાં મુસાફરી કરી હતી. કલ્ચરલ પ્રોગ્રામના ભાગરૂપે વિદ્યાર્થીઓએ ગ્રેટ વોલ ઓફ ચાઈના, ફોરબિડન સિટી, સમર પેલેસ, ટિયાઆના મેન સ્ક્વેર અને શાંઘાઈ નેશનલ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. આ પ્રોગ્રામ દ્વારા સ્ટુડન્ટ્સને ચીનના ઔદ્યોગિક અને સાંસ્કૃતિક કક્ષાની વિગતવાર જાણકારી પ્રાપ્ત કરવાની તક મળી હતી, જેનાથી વિદ્યાર્થીઓને ચાઈના-ઈન્ડિયા દેશની વિભાવનાઓ અને પડકારોને સમજવામાં મદદ મળી હતી.

## જીઈબીમાં કોલસા ભરીને આવેલી માલગાડીમાંથી મૃતદેહ મળ્યો

### કર્મચારીઓ કોલસો ખાલી કરી રહ્યા હતા ત્યારે માલ ગાડીના ડબ્બામાંથી કોલસા સાથે બિનવારસી યુવાનનો મૃતદેહ નીકળ્યો : પોલીસે તપાસ આરંભી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક જીઈબી ખાતે આજે વહેલી સવારે એક માલગાડી આવી હતી. માલગાડીમાં કોલસાનો જથ્થો આવ્યો હતો અને કોલસો જીઈબીમાં ખાલી કરવાનો હતો. કર્મચારીઓ માલગાડીના ડબ્બામાંથી કોલસો ખાલી કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક કોલસા સાથે એક અજાણ્યા યુવાનનો મૃતદેહ બહાર આવી પડ્યો હતો. કર્મચારીઓએ આ મામલે પોલીસને જાણ કરતાં સેક્ટર-૨૧ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી પોલીસે મૃતક યુવાનની ઓળખ માટે કવાયત શરૂ કરી છે અને મૃત્યુનું કારણ બહાર લાવવા તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે માલગાડી જી.ઈ.બી ખાતે આવી હતી. આ માલગાડી માં કોલસાનો જથ્થો ભરેલો હતો. કોલસો જીઈબી ખાતે ખાલી કરવાનો હતો જેને પગલે કર્મચારીઓ દ્વારા માલ ગાડીના ડબ્બામાંથી કોલસો ખાલી કરવાની કામગીરી ચાલી રહી હતી. ડબ્બામાંથી કોલસો ખાલી કરતી વખતે કોલસાના જથ્થાની સાથે અચાનક એક બિનવારસી યુવાનનો મૃતદેહ પણ નીકળ્યો હતો. આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના બિનવારસી યુવાનનો મૃતદેહ કોલસા ભરેલી માલગાડીના ડબ્બામાં કેવી રીતે આવ્યો તે બાબત હજુ રહસ્યમય છે. ડબ્બામાંથી મૃતદેહ બહાર કાઢી કર્મચારીઓએ પોલીસને જાણ કરતાં સેક્ટર-૨૧ પોલીસ મથકની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે ગતિવિધિ તેજ કરી છે. તો બીજી તરફ મૃતદેહ ક્યાંથી આવ્યો અને તેનુ મૃત્યુ કેવી રીતે થયું તે સહિતની રહસ્યમય બાબતો ઉપર તપાસ શરૂ કરવામાં આવી છે.

## શહેરમાં રાષ્ટ્રીય આર્યુવેદ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨

કેન્દ્ર સરકારના આયુષ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૬ થી ધનતેરસનો દિવસ ભગવાન ધન્વંતરીનો પ્રાગટય દિવસ હોવાથી તેને રાષ્ટ્રીય આર્યુવેદ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. આ વર્ષે તા. ૫ ઓકટોબર ૨૦૧૮ને સોમવારના રોજ તૃતિય આર્યુવેદ દિવસ જિલ્લા પંચાયત કચેરી સેક્ટર-૧૭ ખાતે સવારે ૯.૧૫ કલાકે ઉજવવામાં આવનાર છે. આથી ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગરના મંજુરી અને માર્ગદર્શનથી આર્યુવેદ શાખા દ્વારા પ્રમુખ જિલ્લા પંચાયત ગાંધીનગર તથા જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગર દ્વારા ધન્વંતરી પૂજન, સંહિતા પૂજન, અને યજ્ઞ રાખવામાં આવેલ છે. તથા સાથે ઘરગથ્થુ રસોડાના ઔષધો, વનસ્પતિ પ્રદર્શન અને આર્યુવેદ દ્વારા પબ્લિક હેલ્થ વિષય અંગે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય આર્યુવેદ દિવસની ઉજવણીમાં મોટી સંખ્યામાં નગરજનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

## વાવોલ પશુજૈવિક દવાખાનાની આસપાસ ખદબદતા ગંદકીના ઢગ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી રહી છે. ત્યારે શહેરને અડીને આવેલા વાવોલ ગામનો પણ રોકેટ ગતિએ વિકાસ થવા પામ્યો છે. ગુડા વિસ્તારમાં સૌથી વધુ વિકાસ વાવોલ, રાયસણ, કુડાસણ અને સરગાસણનો થવા પામ્યો છે. જયારે વાવોલ ગામમાં ફલેટ, બંગ્લોઝ, રોહાઉસ, એપોર્ટમેન્ટમાં રહેતા નાગરીકો ગાંધીનગર શહેરમાં આવન જાવન કરવા માટે પશુ જૈવિક દવાખાના વાળા માર્ગનો સવિશેષ ઉપયોગ કરે છે. ત્યારે આ વિસ્તારમાં ઠેર ઠેર મુખ્ય માર્ગ સુધી કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ગંદકીથી ખદબદતા આ વિસ્તારમાં યોગ્ય સફાઈ ના થતી હોવાથી મોં પર રૂમાલ રાખીને પસાર થવાનો વારો આવે છે. આસપાસમાં આવેલા રહેણાંક વિસ્તારમાં કચરો અને ગંદકીના પગલે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત મંડરાઈ રહી છે. શહેરમાં રોગચાળો બેકાબુ બની રહ્યો છે. ત્યારે વાવોલના નાગરીકોને ગંદકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. વાવોલની સોસાયટીમાં રહેતા એક જાગૃત નાગરીકે આ અંગે ગુડાને લેખિત અરજી કરી તાત્કાલીક અસરથી કચરો હટાવી દેવા ઉગ્ર માંગ કરી છે. જયારે કચરાનો નિકાલ નહીં કરવામાં આવે તો સ્થાનિક નાગરીકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.



## સતર્કતા સપ્તાહ અંતર્ગત દેના બેંક દ્વારા જાગૃતિ રેલી યોજાઈ




ગાંધીનગર, તા.૨

દેના બેન્ક ગાંધીનગર અંચલ કાર્યલય દ્વારા ગાંધીનગર સેક્ટર-૧૬ના વિસ્તારમાં જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું. કેન્દ્રિય સતર્કતા આયોગ દ્વારા જાહેર કરેલ "સતર્કતા જાગૃતિ સપ્તાહ" ૨૯ ઓક્ટોબર થી ૩ નવેમ્બર ૨૦૧૮ ની ઉજવણી કરવા માટે આ પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી.

આ જાગૃતિ રેલી દેના બેંક દ્વારા "ભ્રષ્ટાચાર દૂર કરો – નવું ભારત બનાવો" નો સંદેશ ફેલાવવા માટેના એક પ્રયાસ રૂપે આયોજિત કરવામાં આવી હતી.

આ રેલીની આગેવાની દેના બેન્ક ગાંધીનગર અંચલ પ્રબંધક વી સી ઉપાધ્યાય દ્વારા લેવામાં આવી હતી. તદુપરાંત આ પ્રવૃતિ માં ભ્રષ્ટાચાર નાબૂદીના સામાજિક સંદેશ ના બેનર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દેના બેન્ક ગાંધીનગર ઉપ અંચલ પ્રબંધક સંજય કબાડ તથા અન્ય કર્મચારીઓ પણ આ જાગૃતિ રેલિમાં જોડાયા હતા.

દેના બેંક દ્વારા "સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૧૮" ની ઉજવણીના ભાગ રૂપે અન્ય વિવિધ પ્રકારના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત યુવાનોમાં જાગૃતિ લાવવા માટે કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ, કૂડાસણમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્સાહ પૂર્વક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વી સી ઉપાધ્યાય-અંચલ પ્રબંધક અને નરેશ વણજારી-મુખ્ય પ્રબંધક, ઈન્ફોસિટી શાખા તથા કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

એજ રીતે દેના બેંકના સતર્કતા વિભાગ ગાંધીનગર દ્વારા અંચલ કાર્યાલયના કર્મચારીઓમાં નિબંધ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું અને સર્વને ભ્રષ્ટાચાર નાબૂદી માટે જાગૃત કરવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## ચોરીના એકટીવા સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨

અડાલજ નજીક વૈષ્ણોદેવી સર્કલ પાસેથી પસાર થતી પોલીસે બાતમીના આધારે સર્કલ નજીકથી એક શ્રમિક યુવાનને ચોરીના એકટીવા સાથે દબોચી લીધો હતો. અદાણી શાંતિગ્રામમાં કોર્પોરેટ હાઉસ પાસે લેબર કોલોનીમાં રહેતા આ ૧૮ વર્ષિય મજૂરને અડાલજ પોલીસે પકડી એકટીવા સંદર્ભે સઘન પૂછપરછ કરતા તે શખ્સ એકટીવાના દસ્તાવેજો આપી શક્યો ન હતો. એકટીવા અંગે તપાસ કરતાં કલોલ શહેર પોલીસ મથક વિસ્તારમાંથી ચોરાયું હોવાનું બહાર આવ્યું છે. અડાલજ પોલીસે એકટીવા રિકવર કરી પકડાયેલા શખ્સની સઘન પુછપરછ શરૂ કરી છે.




અડાલજ પીઆઈ જે.જી.વાઘેલા ની ટીમ ગઈકાલે મોડી સાંજે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ મનીષસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે વૈષ્ણોદેવી સર્કલ પાસેથી એક શ્રમિક યુવાન ચોરીનું એકટીવા લઈને પસાર થવાનો છે. આ બાતમીના આધારે પોલીસ વૈષ્ણોદેવી સર્કલ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી અને બાતમી વાળું એકટીવા લઈને ત્યાંથી પસાર થયેલા ૧૮ વર્ષીય શ્રમિક સંજય કલ્લુસિંહ ચૌહાણને પકડી પાડ્યો હતો. જીજે ૧૮ સીડી ૯૯૮૦ નંબરના એકટીવા અંગે પૂછપરછ કરતા સંજય ચૌહાણ તેના કાગળ આપી શક્યો ન હતો. એકટીવા ચોરીનુ હોવાની આશંકાને પગલે તપાસ કરતાં કલોલ શહેર પોલીસ મથકમાં આ એક્ટીવાના ચોરી અંગે ગુનો દાખલ થયેલો હોવાનું જાણવા મળ્યું હતું. મુળ મધ્યપ્રદેશના ભિંડ જિલ્લાના અને હાલ ખોરજ પાસે અદાણી શાંતીગ્રામમાં લેબર કોલોનીમાં રહેતા અને કલરકામ કરતા મજુર સંજય ચૌહાણની ચોરીના એકટીવા સાથે અટકાયત કરી અડાલજ પોલીસે રિકવર કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

## એનએસયુઆઈની રજુઆત બાદ આખરે વિદ્યાર્થીઓની જીત

ગાંધીનગર, તા.૨

જીટીયુના કુલપતિ દ્વારા ઈજનરી કોલેજમાં રેગ્યુલર વિદ્યાર્થીઓના પરિક્ષાના ફોર્મ ભરવાની છેલ્લા તારીખ પુરી થઈ ગઈ હતી, અને ફોર્મ વિદ્યાર્થીઓને ભરવાના બાકી હોય તેવા વિદ્યાર્થીઓ પાસેથી દંડ સ્વરૂપે રૂ.૫૦૦૦ લેવામાં આવતા હતા. તે ઓછા કરાવવા માટે એનએસયુઆઈના વિદ્યાર્થી આગેવાન અમિત પારેખ, ગૌરંગ મકવાણા, સુધીર રાવલ દ્વારા કુલપતિને અનેકવાર રજુઆત કરવામાં આવી હતી. અને ત્યારબાદ જીટીયુના કુલપતિ દ્વારા રૂ.૫૦૦૦ ના બદલામાં માત્ર રૂ.૨૦૦૦ ફી કરવામાં આવી હતી.

## શહેર જાગૃત નાગરીક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરીક પરિષદ દર માસે પ્રથમ સપ્તાહમાં સોમવારના રોજ મળતી બેઠક સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને તા.૫ મી નવેમ્બરના રોજ સેકટર-૨૧ ખાતે આવેલ નમન એપાર્ટમેન્ટ ખાતે સાંજના પાંચ કલાકે મળશે. સર્વ પ્રથમ સ્નેહમિલન કાર્યક્રમ તેમજ ત્યારબાદ બેઠક યોજાશે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોઓને ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

## ઉનાવા ગામમાં ખેતરમાં કપાસની ચોરી કરવા ગેંગ ત્રાટકી

### પીક-અપ ડાલુ લઈને ચોરી કરવા ખેતરમાં ઘૂસેલા ચાર પૈકી ત્રણ ઝડપાયા : એક ફરાર



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામમાં ગઈ મોડીરાત્રે પીક-અપ ડાલુ લઈને એક ખેતરમાં ઘૂસી ગઈ હતી અને કપાસની ચોરી કરવા કામે લાગી હતી. રાત્રે ખેતર પાસેથી કોઈ પસાર થતું જોઈને આ ગેંગના સાગરિતો ફરાર થઈ ગયા હતા અને સવારે ડાલુ લેવા આવ્યા ત્યારે ગ્રામજનોના હાથે ઝડપાઈ ગયા હતા. મોડી રાત્રે પેથાપુર પોલીસે એક શકમંદને પકડી પાડયો હતો. તે શખ્સ પણ કપાસ ચોરતી ગેંગનો સાગરિત હોવાનું પછીથી ખુલ્યું હતું. જ્યારે ગ્રામજનોના હાથે બે શખ્સો પકડાયા હતા. પોલીસે ત્રણેયની ધરપકડ કરી સઘન પૂછપરછ શરૂ કરી છે ત્યારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો તે ઉનાવાનો જ હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે મોડી રાત્રે ઉનાવા ગામમાં પિયુષભાઈ બેચરભાઈ પટેલના ખેતરમાં કેટલાક શખ્સો ડાલુ લઈને કપાસની ચોરી કરવા પહોંચી ગયા હતા. કપાસ ચોરી કરીને ડાલામાં ભરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે ખેતર પાસેથી કોઈ પસાર થતા આ ગેંગ છૂટી પડી ગઈ હતી. વહેલી સવારે ખેતર માલિક ખેતરમાં ગયો ત્યારે બિનવારસી ડાલુ જોઈ તેને પણ ચોરો આવ્યા હોવાની શંકા ગઈ હતી. તો બીજી તરફ મોડી રાત્રે પેટ્રોલીંગ માં રહેલી પેથાપુર પોલીસે આ વિસ્તારમાંથી એક શકમંદને પકડી પાડ્યો હતો. ડાલુ મૂકીને ભાગી ગયેલા ચોર સવારે ખેતરમાં ડાલુ લેવા પાછા આવ્યા ત્યારે ગ્રામજનોએ બે શખ્સોને પકડી પાડયા હતા. ૨૨ કિલો કપાસની ચોરી કરીને ડાલા માં ભરી દેનાર ચારસો હતા તે પૈકી બે ગ્રામજનોના હાથે ઝડપાઈ ગયા હતા અને એક રાત્રે શકમંદ તરીકે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. ખેતરેથી પકડાઈ ગયેલા પ્રકાશ હસમુખ મિસ્ત્રી( રહે. ખણુસા, વિજાપુર) અને વિજાપુરના ભાવસોર ખાતે રહેતા પલાજી મહોબતજી ઠાકોર નામના બંને શખ્સોને ગ્રામજનોએ પોલીસને હવાલે કરી દીધા હતા. જ્યારે પોલીસે પકડેલો જય દિનેશ વાઘેલા( રહે. વિજાપુર) પણ તેમનો જ સાગરિત હોવાનું બહાર આવ્યું હતું. પેથાપુર પોલીસે ત્રણેય શખ્સોની ધરપકડ કરી ડાલુ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમની પૂછપરછમાં ઉનાવા ગામના એક શખ્સનું પણ નામ બહાર આવ્યું છે. આ ટોળકીમાં એક ઉનાવા ગામનો ટીનાજી ઠાકોર નામનો શખ્સ પણ હતો જે હાલ ફરાર થઈ ગયો છે. પેથાપુર પોલીસે તેમની સામે પણ ગુનો દાખલ કરી ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

## શહેરમાં વીજદરના વધારાથી વસાહતીઓમાં ઉગ્ર આક્રોશ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં વીજળીના ભાવમાં યુનીટ દીઠ ૨૩ પૈસાનો વધારો હાલની કારમી મોંઘવારીમાં આમ આદમી પર પડયા પર પાટુ મારવા જેવી હાલત થવા બરાબર છે.

નાગરિકો, નાના વેપારીઓમાં આથી અત્યંત રોષ અને આક્રોશ ભભૂકી ઉઠેલ છે. પેટ્રોલ-ડીઝલ વીજળી જીવનની જરૂરિયાત છે. તેમાં ભાવવધારાથી બજેટ ખોરવાઈ ગયેલ છે. વાયબ્રન્ટ કાર્યક્રમોમાં રોશની માટે વીજળીનો આડેધડ ઉપયોગ થાય છે. શહેરના નાગરિકો પર ટેક્ષો અને વીજ દર વધારો કરી નિર્દોષ શહેરીજનો દંડાય છે.

ટોરેન્ટ વીજળી કંપનીએ આવક મેળવાની આંધળી દોટમાં કાયદેસર ગેરકાયદેસર કોઈ પણ જાતની પ્રોપર્ટીની તપાસ વિના જોડાણો આપેલ છે. વીજ થાંભલામાંથી સીધા જોડાણો તપાસમાં આવતા નથી. આંખ આડા કાન કરવામાં આવે છે. ગેરકાયદેસર વીજચોરીઓનો ચાર્જ વસાહતીઓના બીલ ઉપર ફાળવી દેવામાં આવે છે તથા અન્ય વધારો કરી સરભર કરવામાં આવે છે તેવી આધારભૂત માહિતી છે તેમ કેશરીસિંહ બિહોલા પ્રમુખ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે જણાવેલ છે. આથી ગાંધીનગરમાં વધારેલ વીજદર પાછો ખેંચવામાં આવે તેવી નાગરિકોની માંગણી છે જો આ વધારો પાછો ખેંચવામાં નહિ આવે તો શહેરની અગ્રાણી સંસ્થાઓ સાથે સંકલન કરી ઉગ્ર લોક આંદોલન કરવાની ફરજ પડશે તેમ કેશરીસિંહ બિહોલાએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. નરસિંહભાઈ કરશનભાઈ વાઘેલા, ઉ.વ. ૩૬
- સ્વ. રામદાસ નરસિંહદાસ પટેલ, ઉ.વ. ૭૮
- સ્વ. ભરવાડ ભીમાભાઈ વામાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. બાલુબેન લક્ષ્મણજી રાઠોડ, ઉ.વ. ૬૪